આવતીકાલે ગાંધીનગરમાં આર્ટ ઓફ લીવીંગના પ્રણેતા શ્રી શ્રી રવિશંકરજીનો જન્મદિન ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૧

વ્યક્તિ વિકાસ કેન્દ્ર, બેંગ્લોર દ્વારા ધ આર્ટ ઓફ લીવીંગની વિવિધ શિબિરો યોજવામાં આવે છે. આવી શિબિરોના પ્રણેતા શ્રી શ્રી રવિશંકરજીનો જન્મદિન તા. ૧ ઉમી મે, ૨૦૧૫ના રોજ છે. આ દિવસે આર્ટ ઓફ લીવીંગ, ગાંધીનગર ચેપ્ટર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. જેમાં ૧ ઉમી મે ના રોજ સવારે ૬.૩૦ કલાકે મહાસુદર્શન ક્રિયા યોજાનાર છે, જેમાં બેઝીક કોર્સ કરેલા શિબિરાર્થીઓને પધારવા વિનંતી છે. ત્યારબાદ રાત્રે ૮.૩૦ કલાકે મહાસત્સંગ-ભજનોનો કાર્યક્રમ યોજાનાર છે. જેમાં નગરના સર્વે ભાઈ-બહેનોને મિત્રો તથા કુટુંબીજનો સાથે વિશાળ સંખ્યામાં પધારવા હાર્દિક નિમંત્રણ છે. આ બંને કાર્યક્રમો સેક્ટર-૧૨ ખાતેના બલરામ ભવન મંદિર હોલ ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમો અંગે કોઈપણ જાણકારી માટે ચેપ્ટરના કોઓર્ડીનેટર શ્રી ભુલાભાઈ કડીયા (મો. ૯૯૦૯૯૨૫૬૦૬)નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

આ દિવસે આર્ટ ઓફ લીવીંગ પરિવાર દ્વારા ગાંધીનગરની ઝુંપડવપટ્ટીના રહેવાસીઓને ઘઉંના લોટના પેકેટોનો વિના મૂલ્યે વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં ૧ કિલો ઘઉંના લોટના પેકેટનું વિતરણ મૂલ્ય રૂ. ૨૫ રાખવામાં આવ્યું છે. આ સેવા કાર્યમાં સહભાગી થવા દાતાઓએ મીતાબેન શાહ (મો. ૯૪૨૮૩૫૨૦૪૭)નો સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

ગુડા સંચાલિત વીજ થાંભલાઓ વર્ષોથી બંધ !

ગાંધીનગર, તા. ૧૧

સેક્ટર-૭-ડીના બગીચામાં તથા શહેરના અનેક બગીચાઓમાં ગુડા સંચાલિત વીજ થાંભલાઓ છે.

સેક્ટર-૭-ડીના બગીચામાં ગુડા સંચાલિત વીજ થાંભલાઓ છેલ્લા બે વર્ષથી બંધ છે. સેક્ટર-૭-ડી ના સીનીયર સીટીઝનોએ વારંવાર ફરિયાદ કરે છે. પરંતુ કોઈ ધ્યાન આપતા નથી. જેથી ભર ઉનાળામાં બગીચામાં ગુડા સંચાલિત વીજ બંધ રહે છે. વધુમાં થાંભલાઓમાં જે ટાઈમર લગાવેલ છે. તે પણ અભિવ્યક્તિ લગાવેલ છે. પરિણામે વીજળી ચાલુ થાય તો મધરાતે થાય છે. તો ગુડાના પદાધિકારીઓ કે વીજ થાંભલાઓ ચાલુ કરાવે તેવી વયસ્કોની લોક લાગણી છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલી ઘીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયૂટ રોડ પાસેની ચોકડી નજીક પુસ્તકો ભરેલી ટ્રકની પાછળની ટ્રોલી પલ્ટી મારી જવા પામી હતી. સવારે બનેલી આ ઘટનામાં સદભાગ્યે કોઈને ઈજાઓ કે જાનહાની થવા પામી ન હતી. ઘોરણ-૩ની ચોપડીઓનો જથ્થો વેરવિખેર થઈ જતાં બીજુ વાહન મંગાવી ભરી લઈ જવાયો હતો.

સરઢવમાં આજે કારોબારીના ચેરમેન ઉષાબેન પટેલનો સન્માન સમારંભ

સરઢવ, તા. ૧૧

જિલ્લા પંચાયતની રાંધેજાની બેઠક પરથી ચૂંટાયેલા સરઢવના વતની શ્રીમતી ઉષાબેન મનુભાઈ પટેલની કારોબારીના ચેરમેન પદે વરણી થવા બદલ સરઢવના ગ્રામજનો દ્વારા મંગળવારે તા. ૧૨મી મેના રોજ કલેશ હરણી માતાના કમ્પાઉન્ડમાં સન્માન સમારંભ સવારે યોજાનાર છે. આ પ્રસંગે મહિલા બાળ વિકાસ મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી તથા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હીનાબેન પટેલ, ગુડાના ચેરમેનશ્રી આશિષ દવે, ભાજપના અગ્રણીશ્રી વાડીભાઈ પટેલ તથા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહેશે.

આવતીકાલથી ગાંધીનગરમાં આયુર્વેદિક રસોઈ અંગે શિબિરનો પ્રારંભ થશે

આર્ટ ઓફ લીવીંગના ગાંધીનગર ચેપ્ટર દ્વારા તા. ૧ ઉમી મે બુધવારથી તા. ૧૭મી મે રવિવાર દરમિયાન આયુર્વેદિક રસોઈ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર ગાંધીનગરના સે-૧૯માં પુનિત વન સામે આવેલા જીમખાના ખાતે દરરોજ બપોરે ૩ થી ૬ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં મુંબઈથી આવેલ પ્રશિક્ષક પ્રીતિબેન ત્રિવેદી દ્વારા શિબિરાર્થીઓને આયુર્વેદિક રસોઈ શિખવાડાશે.

આયુર્વેદિક રસોઈનો ઉદ્દેશ ખાનારને સ્વાસ્થ્યને વધારવાનો કે જાળવવાનો છે. દરેક વ્યકિતમાં વાત, પિત્ત અને કફ દોષો અલગ અલગ માત્રામાં હોય છે જયારે તે સંતુલિત હોય ત્યારે શરીર સામાન્ય સ્થિતિ જાળવે છે પરંતુ જયારે તે અસંતુલિત હોય ત્યારે શારીરિક અને માનસિક રોગનું કારણ બને છે. યોગ્ય ખોરાક દ્વારા આ સંતુલન સાધી શકાય છે. આયુર્વેદ ખોરાક એ વ્યકિતની પ્રકૃતિ, ઉંમર, માંદગી, ઋતુ, યોગ્ય ભોજનનું સંમિશ્રણ, ખોરાકની પસંદગી તેમજ રાંધવાનો સમય અને રીતોનું સવિસ્તાર મહત્વ ધરાવે છે. શિબિરમાં શિબિરાર્થીઓને આયુર્વેદિક રસોઈ અંગે જ્ઞાન અને પધ્ધતિ શિખવાડવામાં આવશે સમગ્ર શિબિર દરમિયાન લગભગ ૨૦થી ૨૫ રેસીપી જેમાં સૂપ, જયુસ, કેક, પુડીંગ, પાસ્તા, હળવો નાસ્તો અને રોજબરોજની રસોઈ શિખવવામાં આવશે.

શિબિર જૂજ સભ્યો પૂરતી મર્યાદિત હોઈ તેમાં નામ નોંધાવવા સે-૧૧માં મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષના બીજા માળે આર્ટ ઓફ લીવીંગના ગાંધીનગર ચેપ્ટરના કાર્યાલય ખાતે સુરેશભાઈ પરમારનો સંપર્ક સાધવા જણાવાયું છે.

શહેર વસાહત મહામંડળ દ્વારા ગાંધીનગરના શ્રમજીવીઓની ચરણસેવા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં શ્રમકામ કરતા શ્રમિકોને બળબળતા તાપમાં ઉઘાડા પગે કામ કરતા તથા તેના પરિવારજનો, બાળકો મોટી સંખ્યામાં ગાંધીનગરમાં કામ કરી રહેલ છે તેની વહારે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા અઠવાડીયા દરમિયાન 'ચરણસેવા'નું અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. જેમાં અરુણ બુચ, નિલેન્દુ વોરા, મયુર વ્યાસ, બી.એ. શુકલ, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા તથા સુનીલ શાહ, ધીરુભાઈ-નીસરતા સહીત સેવાભાવીઓએ સેવાઓ આપી હતી.

ગાંધીનગરના સેકટર-૨૧, ૨૦માં રહેતા શ્રમિકો, છુટાછવાયા ઝુંપડામાં રહેતા શ્રમિકો, તથા સે-૬માં સંતરોહીદાસ મંદિર આસપાસ રહેતા અસંખ્ય શ્રમિક પરિવારોને 'સંત રોહીદાસ' મંદિરના પરિસરમાં એકત્ર કરી સંસ્થાના પ્રમુખ એન.ડી. મકવાણા, અશ્વિનભાઈ, જીવણભાઈ, અશોક શ્રીમાળી-કોર્પોરેટર ગૌતમભાઈ, રમેશભાઈ પરમાર સહિતની ઉપસ્થિતિમાંતેઓના યોગદાન સાથેઆશરે ૪૦૦ જેટલા જરૂરતમંદ લોકોને પગરખાં પહેરાવી ચરણસેવા કરી હતી. આ અગાઉ પણ સે-૨૧ અને ૨૦માં જે બાળકો ઉઘાડા પગે ફરે છે તેમને પગરખાં પહેરાવી ૨૦૦ બાળકોને પણ પગ રક્ષણ પુરું પાડવાનું શહેર વસાહત મહામંડળે અભિયાન તેના સેવાભાવી સભ્યો દ્વારા હાથ ધર્યું હતું. આ ઉપરાંત ૧૦૦૦ પક્ષી પરબનું પણ વિનામૂલ્યે ગાંધીનગર શહેરમાં વિતરણ કરી અબોલ પક્ષીઓની તૃષા છીપાવવાનું અભિયાન હાથ ધરી અબોલ પશુ, પક્ષીની સેવા કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ખાતે સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા સમુહ લગ્નોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના આંગણે આજરોજ ગુજરાત સેનવા રાવત વિકાસ સંઘ દ્વારા ચૌદમા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નોત્સવમાં સમાજના ૨૮ નવદંપતિઓએ સાંસારિક જીવનમાં પ્રભુતા પગલા માંડ્યા હતા. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણભાઈ વોરાના હસ્તે ગુજરાત સેનવા રાવત વિકાસ સંઘને સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવા રૂપિયા ૫૦ હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. તેમજ તમામ નવદંપતિઓને રાજય સરકારની કુંવરબાઈનું મામેરૂ અને બા રમાબાઈ સાત ફેરા સમૂહ લગ્નો યોજના અંતર્ગત દસ દસ હજારના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણભાઈ વોરાએ સાંસારિક જીવનમાં પ્રભુતાના પગલા પાડનાર તમામ નવદંપતિઓને તેમના સુખી જીવન માટે આર્શીવાદ આપ્યા હતા અને ચૌદમા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવા માટે વિકાસ સંઘના તમામ સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. તેઓશ્રીએ તમામ નવદંપતિઓને અને ઉપસ્થિત સર્વે લોકોને બેટી બચાવો અભિયાનમાં જોડાવાનું આહૂવાન કર્યું હતું. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તો શું શું પરિવર્તન આવે છે, તેની વિસ્તૃત વાત કરી હતી.

આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરૂષોત્તમ રૂપાલાજીએ તમામ નવદંપતિઓને આર્શીવાદ આપીને લગ્ન બાદનું જીવન કેમ જીવવું તેની પોતાની શૈલીમાં દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. તેમણે સમાજમાંથી દારૂ, વ્યસન, કુરિવાજો જેવી વાતો દૂર કરવાનું સમાજના સર્વે લોકોને આહૂવાન કર્યું હતું. રાજય સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત વાત પણ કરી હતી.

આ પ્રસંગે પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના સંચાલિકા શ્રી કૈલાસદીદી અને કૈયલ મેલડી ધામના શ્રી રમણ જયમાડીએ પણ નવદંપતિઓને જીવનમાં ઉપયોગી થાય તેવી રસપ્રદ વાતો પોતાના પ્રસાંગિક ઉદ્બોધનમાં કરી હતી.

આ પ્રસંગે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત ગુજરાત સેનવા રાવત વિકાસ સંઘના પ્રમુખ અને દસાડાના ધારાસભ્ય શ્રી પૂનમભાઈ મકવાણાએ કર્યું હતું.

આ સમૂહ લગ્નોત્સવમાં યોજાયેલ સમારંભમાં રાવત રામજી મંદિર, સિધ્ધપુરના મહંત શ્રી પ્રકાશ બાપુ, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હંસાબેન મોદી, પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, અતિપછાત નિગમ, ગુજરાતના ચેરમેન શ્રી પ્રવિણભાઈ પંડયા સહિત સમૂહ લગ્નોત્સવમાં દાન કરનાર અનેક મહાનુભાવો સહિત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

આજે દારૂબંધીના કડક અમલ માટે આમ આદમી પાર્ટી આવેદનપત્ર આપશે

રાજયના પોલીસ વડા તથા ગૃહ મંત્રાલયને આવેદન પત્ર અપાશે : બુટલેગરોને કાયદાનું સાશન હોવાની પ્રતિતિ તો કરાવો : આપ : શહીદ અર્જુનસિંહ વાળાના વારસદારોને રૂ. એક કરોડનું વળતર ચુકવવા માંગ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતના ખૂણે ખૂણે ફેલાયેલ દારૂની બદી અને બુટલેગરો પરની નિરંકુશતા સામે આમ આદમી પાર્ટી રાજય સરકાર સમક્ષ પોલીસ સશક્તિકરણ તેમજ દારૂબંધીના કાયદાના અમલ માટે કડક વલણ અપનાવવા દબાણ કરશે. આ ઉપરાંત તાજેતરમાં શામળાજી હાઈવે પર બુટેલગરો દ્વારા હત્યા કરાયેલ પોલીસ અધિકારી અર્જુનસિંહ વાળાના વારસદારને રૂ. એક કરોડનું વળતર ચુકવવા રાજય સરકાર સમક્ષ માંગણી મજબૂત બનાવશે.

રાજયમાં બુટલેગરોનું સામ્રાજ્ય બેફામ રીતે ફેલાયેલુ છે. તાજેતરમાં શામળાજી હાઈવે પર દારૂ ભરેલી ટ્રક ચડાવી દઈને પોલીસ અધિકારી અર્જુનસિંહ વાળાની હત્યા કરાઈ હતી. રાજય સરકારે શહીદ વાળાના વારસદારને રૂ. ૫ લાખનું વળતર ચુકવી ઘટનામાંથી સિફતપૂર્વક હાથ ખંખેરી લીધા હોવાનો આપ દ્વારા આક્ષેપ કરાયો છે. દિલ્હીમાં આપની સરકાર ફરજ દરમ્યાન મૃત્ય પામાનાર પોલીસ અધિકારીને રૂપિયા એક કરોડનું વળતર ચુકવે છે તો ગુજરાત સરકાર કેમ નહી? તેવા સવાલ સાથે આમ આદમી પાર્ટીએ શહીદ અર્જુનસિંહના પરિવારને મળી ન્યાય અપાવવા હૈયાધારણ આપી હતી. આમ આદમી પાર્ટી ગુજરાતમાં બુટલેગરોનું નહી કાયદાનું સાશન છે તેની પ્રતિતિ કરાવવા તેમજ પોલીસનું મનોબળ વધારવા વિવિધ કાર્યક્રમો હાથ ધરશે. આ ઉપરાંત તા. ૧૨મી મે ના રોજ આપના કાર્યકરો રાજ્યના પોલીસ વડા તથા ગૃહ મંત્રાલયને આવેદન પત્ર આપી દારૂબંધીનો કડક અમલ કરાવવા તેમજ બુટલેગરો સામે કાર્યવાહી કરવા અનુરોધ કરાશે.

સેક્ટર-૧૫ ફતેપુરામાં લીકેજ ગેસના બાટલાને કારણે મકાનમાં આગ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના સે. ૧૫ ફતેપુરા ખાતે સ્થિત એક મકાનમાં આજે લીકેજ થયેલો ગેસ સિલિન્ડર ચાલુ કરતાં આગ ભભુકી ઉઠી હતી. આગ બેકાબુ બનતા અઠવાડિયા પહેલા જ લીધેલ ફ્રીઝ સહિત ઘરવખરીનો સામાન આગની લપેટમાં આવતા બળીને ખાખ થઈ ગયો હતો. જો કે સદ્‌ભાગ્યે કોઈ જાનહાની કે કોઈને ઈજા થવા પામી ન હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડે પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ સે. ૧૫ ફતેપુરા ખાતે રહેતા અને કલરકામ કરીને પોતાના પરીવારનું ગુજરાન ચલાવતા શંભુજી યાદવના મકાનમાં આજે બપોરના અરસામાં આગ ભભુકી હતી. ગેસનો બોટલ નવો લીધા બાદ તેમાં રેગ્યુલેટર ફીટ કરીને ગેસ ચાલુ કરી ત્હાં બનાવવા ગયા ત્યાં આગ લાગી ઉઠી હતી. રેગ્યુલેટર યોગ્ય રીતે ફીટ ન થયુ હોવાથી કે બાટલો લીકેજ હોવાથી આગ ભભુકી ઉઠી હતી. અઠવાડિયા રહેલા જ શંભુજીએ એક નવુ ફ્રિઝ ખરીદ્યુ હતુ. તે ફ્રિઝ ઉપરાંત મોટા ભાગનો ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આ આગ દુર્ઘટનાની જાણ ગાંધીનગર ફાયર બ્રિગેડને થતા ફાયર ઓફિસર મહેશ મોડ તથા તેમની ટીમ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. નસીબજોગે કોઈ જાનહાની કે દાઝ્યાનો બનાવ આ ઘટનામાં બન્યો નથી.

ત્હાં બનાવવા ગેસ ચાલુ કર્યો ને આગ ભભુકી ઉઠી : અઠવાડીયા પહેલા ખરેદેલા ફ્રીઝ સહિત ઘરવખરી બળીને ખાખ

પતિએ પત્નિને બીડીના ડામ આપી ઘરમાં ગોંધી રાખી..!

હાથે-પગે ડામ દઈને જાંઘ ઉપર બચકા ભરી પત્નિને ઘાયલ કરી : સાસરે ભાગી આવ્યા બાદ પત્નિએ ૧૮૧નો સંપર્ક કરી ફરીયાદ આપી અને હોસ્પિટલમાં દાખલ થઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીકના મોટી આદરજ ગામમાં રવિવારે રાત્રે એક નિર્દય પતિએ પોતાની પત્નિને ગુપ્ત ભાગ ઉપર લાતો મારીને હાથે પગે બીડીના ડામ દીધા બાદ જાંઘો ઉપર બચકા ભરી ઘાયલ કરી હતી અને ઘરમાં જ ગોંધી રાખી હતી. ગઈકાલે સવારે હેમખેમ રીતે ઘરેથી ત્રણ સંતાનો લઈને ભાગી ગયેલી પત્નિ પોતાના સાસરે આવી ગઈ અને ત્યાં ઘવાયેલી પરિણિતાને જોઈને એક પત્રકારે ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં ફોન કરી ટીમ બોલાવ્યા બાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવી હતી. પરિણિતાની માતા કેન્સરનો ભોગ બનેલી હોવાથી હાલ તે પણ સારવાર હેઠળ હોસ્પિટલ ખાતે છે.

મળતી માહિતી મુજબ મોટી આદરજ ગામમાં રવિવારે રાત્રે પતિએ તેની પત્નિને કોઈ કારણોસર બેરહેમીપૂર્વક ઘાયલ કરી હતી. પત્નિને હાથે-પગે બીડીના ડામ આપીને ઢોર માર માર્યો. બાદ ગુપ્ત ભાગે લાતો મારી જાંગો ઉપર બચકા ભર્યા હતા. ત્યાર બાદ ઘરમાં જ તેણીને ગોંધી રાખી હતી. ગઈકાલે સોમવારે સવારે ઘાયલ પત્નિ પોતાના ત્રણ સંતાનોને લઈને બહાનુ કાઢી ભાગીને પોતાના પિયર આવી ગઈ હતી. પિયર પહોંચી ત્યારે પણ તેણીને બ્લીડીંગ ચાલુ હતુ. પરિણિતાએ છ મહિના પહેલા જ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવ્યુ હતુ. અને તેણીની માતા કેન્સરગ્રસ્ત હોવાથી અમદાવાદ હોસ્પિટલમાં દાખલ છે. એક પત્રકારનું ધ્યાન ઘાયલ મહિલા પર પડતા તેણે ૧૮૧ મહિલા હેલ્પલાઈનને કોલ કર્યો હતો. ૧૮૧ની ટીમે મહિલાનું કાઉન્સીલીંગ કરીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાઈ અને તેણીને દાખલ કરવામાં આવી છે. પતિ સામે પોલીસ ફરીયાદ કરવાની તજવીજ ચાલી રહી છે.

કોલવડામાં ખુલ્લેઆમ ખેતરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક કોલવડા ગામની સીમમાં ઓએનજીસી વેલ નજીક એક ખુલ્લા ખેતરમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડી પાંચ શકુનીઓને ઝડપી પાડયા છે. રૂ. ૧૫,૫૬૦ના મુદ્દામાલ સાથે પાંચેયની ધરપકડ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પીએસઆઈ વાળાને આજે બાતમી મળી હતી કે કોલવડા ગામની સીમમાંસ્થિત ઓએનજીસી વેલ નજીક એક ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે જેને આધારે પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડતા નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે જુગારીઓને કોર્ડન કરીને પાંચ શખ્સોને પકડી પાડયા હતાં. શેરથા ગામના ખોડાજી ચુંથાજી ઠાકોર, જગાજી જુહાજી ઠાકોર અને નરેન્દ્ર શકરાજી ઠાકોર તથા કોલવડાના અમિત અમૃત પટેલ અને બાબુજી ચંદુજી ઠાકોર મળી પાંચ શખ્સોને રોકડ રૂ. ૧૩,૦૬૦ તથા ચાર મોબાઈલ મળી રૂ.૧ ૫,૫૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી પાંચેયની ધરપકડ કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૧
સૂર્યાસ્ત : ૭.૧૩

તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૨૪ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સ્ક્રીન-૩ :

જય હો ડેમોક્રસી : ૯.૪૫
બેયાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

સ્ક્રીન-૪ :

જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :

ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૨.૧૫, ૭.૪૫

સ્ક્રીન-૨ :

ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૭.૦૦
એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

જો બકા : ૧૦.૦૦
સબકી બજેકી બેંડ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
મિ.એક્સ : ૫.૧૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૪૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

સ્ક્રીન-૫ :

ગબ્બર ઈસ બેક : ૧૦.૦૦, ૫.૦૦

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

વૃષભ : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

સિંહ : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

તુલા : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે.

કુંભ : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

મીન : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. ચંદ્રાબેન નંદલાલ ભાટીયા (ઉ.વ.૬૨) પ્લોટ નં. ૪૬૦/૧, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. પ્રેમીલાબેન નવનીતભાઈ શુકલ (ઉ.વ.૯૧) પ્લોટ નં. ૪૩૯, ૧, સેકટર-૪બી, ગાંધીનગર